# ગૂજરાત વિદ્યાપીઠ (ડિમ્ડ યુનિવર્સિટી) અમદાવાદ – 380 009

## નાણાં સમિતિ તા. 01-10-2024

## કાર્યનોંધ

ગૂજરાત વિદ્યાપીઠ (ડિમ્ડ યુનિવર્સિટી) અમદાવાદની વર્ષ 2024-25ની નાણાં સમિતિની તૃતીય બેઠક તા.01-10-2024 ને મંગળવારના રોજ બપોરે 1.30 કલાકે ઓનલાઇન તથા ઓફલાઇન - હાઇબ્રીડ મોડમાં માનનીય કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલની અધ્યક્ષતામાં મળી હતી. બેઠકમાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહ્યા હતા.

| | |
|---|---|
| 1. ડૉ. હર્ષદ પટેલ | માનનીય કુલપતિશ્રી, |
| 2. શ્રી દિલીપભાઈ ઠાકર | ટ્રસ્ટીશ્રી તથા એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યશ્રી તથા એક્ઝિક્યુટિવ કાઉન્સિલ દ્વારા નામાંકિત સભ્યશ્રી, (ઓનલાઇન) |
| 3. શ્રી ચંદ્રવદનભાઇ શાહ, C.A. | ટ્રસ્ટીશ્રી તથા ગૂજરાત વિદ્યાપીઠ મંડળ દ્વારા નામાંકિત સભ્યશ્રી, |
| 4. ડૉ. રાજેશભાઇ સી. વ્યાસ, | યુજીસી દ્વારા નામાંકિત સભ્યશ્રી |
| 5. શ્રી અસીતભાઇ વોરા | એક્ઝિક્યુટિવ કાઉન્સિલ દ્વારા નામાંકિત સભ્યશ્રી |
| 6. શ્રી ભૂષણભાઇ પુનાની | એક્ઝિક્યુટિવ કાઉન્સિલ દ્વારા નામાંકિત સભ્યશ્રી (ઓનલાઇન) |
| 7. ડૉ.જૈનિકભાઈ વકીલ, C.A. | માનનીય કુલાધિપતિશ્રી દ્વારા નામાંકિત સભ્યશ્રી, |
| 8. શ્રી દેવાંગભાઈ ડોક્ટર, C.A. | માનનીય કુલાધિપતિશ્રી દ્વારા નામાંકિત સભ્યશ્રી, |
| 9. શ્રી દુર્ગેશભાઇ બૂચ | માનનીય કુલાધિપતિશ્રી દ્વારા નામાંકિત સભ્યશ્રી, |
| 10. ડૉ. નિખિલભાઈ ભટ્ટ | કુલસચિવશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ, આમંત્રિત, |
| 11. શ્રી પીયૂષ શાહ | નાણાં અધિકારી. |

આ ઉપરાંત ગૂજરાત વિદ્યાપીઠના સ્ટેચ્યુટરી ઓડિટરશ્રી મેસર્સ ધીરુભાઈ શાહ એન્ડ કંપની LLP, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, અમદાવાદના ભાગીદાર શ્રી પાર્થ દાદાવાલા, સી.એ. ઓનલાઇન જોડાયા હતા.

માનનીય કુલપતિશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓને આવકાર આપવામાં આવ્યો હતો. બેઠકમાં નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

**કાર્ય-1** તા.30-08-2024ના રોજ મળેલી ગત બેઠકની કાર્યનોંધને બહાલી આપવા બાબત

**ઠરાવ ક્રમાંક-467**

તા.30-08-2024ના રોજ મળેલી ગઇ બેઠકની કાર્યનોંધને બહાલી આપવામાં આવી.

કાર્ય-2 ગત તા.30-08-2024ના રોજ મળેલી બેઠકની કાર્યનોંધની અમલવારીને મંજૂરી આપવા બાબત.

**ઠરાવ ક્રમાંક-468**

તા.30-08-2024ના રોજ મળેલી ગઇ બેઠકની કાર્યનોંધને આધારે કરવામાં આવેલી કાર્યવાહીની નોંધને બહાલી આપવામાં આવી

કાર્ય-3 વર્ષ 2023-24ના ગૂજરાત વિદ્યાપીઠ (ડિમ્ડ યુનિવર્સિટી) અમદાવાદના ઓડિટેડ વાર્ષિક હિસાબોને બહાલી આપવા બાબત.

**ઠરાવ ક્રમાંક-469**

વર્ષ 2023-24ના ગૂજરાત વિદ્યાપીઠ (ડિમ્ડ યુનિવર્સિટી) અમદાવાદના ઓડિટેડ વાર્ષિક હિસાબો સાથે સ્ટેચ્યુટરી ઓડિટરશ્રી દ્વારા તૈયાર કવામાં આવેલા પાવરપોઇન્ટ પ્રેઝન્ટેશન સૌ સભ્યશ્રીઓને અગાઉથી ઇમેઇલ દ્વારા મોકલવામાં આવ્યા હતા. વર્ષ 2023-24ના ગૂજરાત વિદ્યાપીઠ (ડિમ્ડ યુનિવર્સિટી) અમદાવાદના ઓડિટેડ વાર્ષિક હિસાબોને મંજૂર રાખવા ભલામણ કરવામાં આવી.

કાર્ય-4 યુજીસી દ્વારા મંજૂર કરવામાં આવેલી 12 મી પંચવર્ષીય યોજનાના હિસાબોમાં રહેલી ગ્રાન્ટની જમા બાકી તથા નિભાવ ગ્રાન્ટના હિસાબોમાં કેપિટલ ગ્રાન્ટમાં રહેલી ઉધાર બાકી સામે સરભર કરવા બાબતે સ્ટેચ્યુટરી ઓડિટરશ્રીની નોંધ.

**ઠરાવ ક્રમાંક-470**

સ્ટેચ્યુટરી ઓડિટરશ્રીએ આપેલી નોંધને ધ્યાને લેવામાં આવી. અગાઉ વર્ષ 2018- 19માં યુજીસી દ્વારા ગૂજરાત વિદ્યાપીઠ (ડિયુ) માટે છાત્રાલય બાંધકામ માટે ગ્રાન્ટ મંજૂર કરી હતી. વર્ષ 2018-19માં 12 મી પંચવર્ષીય યોજના ખાતેથી રૂ. 25,50,000 ગૂજરાત વિદ્યાપીઠ (ડિયુ) ખાતે ટ્રાન્સફર કર્યા પછી પણ વર્ષ 2018-19માં નોન રીકરીંગ ખાતે રૂ. 67.27 લાખની ઉધાર બાકી રહેતી હતી.

યુ.જી.સી. દ્વારા મંજૂર કરવામાં આવેલી 12 મી પંચવર્ષીય યોજનાના હિસાબોમાં તા.31-03-2024ના રોજ રહેલી ગ્રાન્ટની જમા બાકી રૂ. 61,17,838/- (રૂ. 8,23,342/- ગ્રાન્ટ તથા વિદ્યાપીઠ દ્વારા જમા કરવામાં આવેલું બાકી ગ્રાન્ટ પરનું વ્યાજ રૂ. 52,94,496/-) તા.31-03-2024ના ગૂજરાત વિદ્યાપીઠ

(ડિયુ)ના ઓડિટેડ સ્ટેટમેન્ટ અનુસાર નોન-રીકરીંગ ગ્રાન્ટ ખાતે ઉધાર બાકી રૂ. 285.95 લાખ સામે સરભર કરવા અને તેની જાણ યુજીસીને કરવા ભલામણ કરવામાં આવી.

કાર્ય-5 ગૂજરાત વિદ્યાપીઠ (ડિમ્ડ યુનિવર્સિટી)ના વર્ષ 2024-25ના સુધારેલા અંદાજપત્ર (Revised Estimates-RE) તથા વર્ષ 2025-26ના અંદાજપત્ર (Budgeted Estimates- BE)ને મંજૂર કરવા ભલામણ કરવા બાબત. તથા યુજીસી અને ભારત સરકારના શિક્ષણ વિભાગને મોકલાવેલા અંદાજોને ધ્યાને લેવા અંગે

**ઠરાવ ક્રમાંક-471**

યુજીસી દ્વારા ગૂજરાત વિદ્યાપીઠ (ડિમ્ડ યુનિવર્સિટી) માટે OH-31 "Grant in aid General" અંતર્ગત પેન્શન માટે તથા OH-36 "Grant in aid Salary" ના હેતુ માટે અનુદાન આપવામાં આવી રહ્યું છે અને વર્ષ 2020-21થી નોન-સેલેરી કમ્પોનન્ટ તથા નોન-રિકરીંગ (કેપિટલ ગ્રાન્ટ) આપવામાં આવી રહી નથી તેની માહિતી માનનીય કુલપતિશ્રીએ આપી હતી.

યુજીસી પાસેથી નોન-સેલેરી કમ્પોનન્ટ તથા નોન-રિકરીંગ (કેપિટલ ગ્રાન્ટ) મેળવવા માટે યુજીસી તથા ભારત સરકારને વિનંતી કરવી જોઇએ તેવું સૌ સભ્યશ્રીઓએ સૂચવ્યું હતું.

વર્ષ 2024-25ના સુધારેલા અંદાજપત્ર (Revised Estimates-RE) તથા વર્ષ 2025-26ના અંદાજપત્ર (Budgeted Estimates- BE) નીચેની વિગતે મંજૂર કરવા ભલામણ કરવામાં આવી.

(Rs. In Lakhs)

| ક્રમ | વિગત | RE 2024-25 | BE 2025-26 |
|---|---|---|---|
| 1. | OH-31 "Grant in aid General" | 2541.00 | 2260.00 |
| 2. | OH-35 "Creation of Capital Assets" | 9977.21 | 10000.00 |
| 3. | OH-36 "Grant in aid Salary" | 6635.00 | 7630.00 |
| | **Total** | **19153.21** | **19890.00** |

કાર્ય-6 બાંધકામ શાખા દ્વારા વર્ષ 2024-25માં કરવાના કામ અંગે આવેલી નોંધ

(1) છાત્રાલયો, શૈક્ષણિક વિભાગો તથા કાર્યાલયોમાં જ્યાં પણ સાદા સિલિંગ ફેન છે તેની જગ્યાએ BLDC પંખા ખરીદવા અંગે – અંદાજી ખર્ચ રૂ. 45,00,000/-

(2) બ્લોક નં-3 નો શૈક્ષણિક હેતુ માટે ઉપયોગ કરવાનો હોઇ તેની મરામત તથા રીનોવેશન – અંદાજી ખર્ચ રૂ. 15,00,000/-

(3) બ્લોક નં-6 સ્ટુડન્ટ સપોર્ટ, કલ્ચરલ એન્ડ વેલફેર (SSCW) ના મકાન પાસે પેવર બ્લોક નાખવા અંગે – અંદાજી ખર્ચ રૂ. 7,00,000/-

(4) અમદાવાદ પરિસર ઉપર 50 વોટની બોલાર્ડ લાઇટ (સ્ટ્રીટ લાઇટ) લગાવવા અંગે – અંદાજી ખર્ચ રૂ. 7,00,000/- (વિકાસ વિભાગ દ્વારા)

**ઠરાવ ક્રમાંક-472**

ઉપરોક્ત કામ કરાવવા માટે ભલામણ કરવામાં આવી. ઉપરોક્ત કામ સિવાય માનનીય કુલપતિશ્રીએ ગૂજરાત વિદ્યાપીઠના અમદાવાદ પરિસરમાં જરૂરીઆત અનુસારની સંપૂર્ણ વીજળી સોલાર દ્વારા ઉત્પાદિત કરી શકાય તે માટે સોલાર સિસ્ટમ અપગ્રેડ કરવાની આવશ્યકતા અંગે જણાવ્યું હતું જે માટે અંદાજે એકાદ કરોડ રૂપિયા જેટલો ખર્ચ થશે. આ અંગે સભ્યશ્રીઓએ નીચે મુજબ સૂચનો કર્યા હતા.

(1) સોલર સિસ્ટમ CAPEX model ઉપર લેવી કે OPEX model ઉપર તે બાબતે આવક- ખર્ચના અંદાજોની ગણતરી કરીને નક્કી કરવું.
(2) સરકારશ્રી દ્વારા આપવામાં આવતી શક્ય તેટલી વધુ સબસિડી મેળવવા પ્રયાસ કરવા,
(3) કેટલીક કંપનીઓ દ્વારા CSR અંતર્ગત સોલાર પેનલ લગાવી આપવામાં આવે છે તે માટે પ્રયાસ કરવો
(4) ઓછી જગ્યા રોકાય અને વધુ વીજળી ઉત્પન્ન કરી શકે તેવી સોલાર પેનલ્સ ખરીદવી.

કાર્ય-7 પ્રોવિડન્ટ ફંડના ખાતાના હિસાબો અંગે

**ઠરાવ ક્રમાંક-473**

473(1) શ્રી બચુભાઇ બરંડાની પ્રોવિડન્ટ ફંડ સંસ્થા ફાળાની તા.31-03-2022ના રોજ જમા રહેતી રકમ રૂ. 10,58,379 ઉચ્ચ શિક્ષણના હિસાબોમાં જમા આપવા તથા તેમના ખાતામાં બાકી રહેતી રકમ પ્રો. ફંડ અનામતમાં ફેરવવા ભલામણ કરવામાં આવી.

473(2) સ્વ. શ્રી કાન્તીભાઇ વી. પરમારના પ્રોવિડન્ટ ફંડ સંસ્થા ફાળાની તા.31-03-2024ના રોજ જમા રહેલી રકમ રૂ. 27,556 ઉચ્ચ શિક્ષણના હિસાબોમાં જમા આપવા ભલામણ કરવામાં આવી.

473(3) શ્રી અશોકભાઇ હ. ત્રિવેદીનો કેસ વર્ષ 1998નો છે. ટ્રસ્ટ એક્ટ અનુસાર એક

વર્ષ ઉપરાંતના બાકી લેણાં વસૂલવા માટેની નીતિ કડકાઇથી અખત્યાર કરવામાં આવી રહી છે આ સંજોગોમાં તેમના પ્રોવિડન્ટ ફંડ લોનની રકમ વસૂલ લઇને મંડળના ચોપડે વર્ષોથી લેણી બોલાતી રકમ સરભર કરવા બાકીની રકમ ગૂજરાત વિદ્યાપીઠ મંડળના ચોપડે તબદિલ કરવા ભલામણ કરવામાં આવી અને ભવિષ્યમાં જ્યારે શ્રી ત્રિવેદી કે તેમના કોઇ વારસદાર આ અંગે દાવો કરે ત્યારે મંડળ આ બાબતે નિર્ણય કરશે તેવી ભલામણ કરવામાં આવી.

473(4) સ્વ. શ્રી અરવિંદભાઇ શંકરભાઇ પટેલનું અવસાન થયું છે તેમનો કેસ 21 વર્ષ જૂનો છે. કાર્યસૂચિમાં જણાવ્યા અનુસાર ગૂજરાત વિદ્યાપીઠ મંડળના ચોપડે રૂ. 1,64,685 ફેરવવા ભલામણ કરવામાં આવી અને ભવિષ્યમાં જ્યારે તેમના કોઇ વારસદાર આ અંગે દાવો કરે ત્યારે મંડળ આ બાબતે નિર્ણય કરશે તેવી ભલામણ કરવામાં આવી.

473(5) સ્વ. શ્રી ઉત્તમચંદાણીના ખાતે જમા બોલતી રકમ રૂ. 9,00,109/- જે તે સમયે ઉચ્ચ શિક્ષણ ખાતે ફેરવવામાં આવ્યા ન હોઇ હવે ઉચ્ચ શિક્ષણ ખાતે ફેરવવા ભલામણ કરવામાં આવી.

473(6) શ્રી મનીષભાઇ આર. ધોળકીયાના પ્રોવિડન્ટ ફંડ ખાતે જમા બોલતી રકમ રૂ.32,611 પ્રોવિડન્ટ ફંડ અનામત ખાતે ફેરવવા ભલામણ કરવામાં આવી.

473(7) અતુલભાઇ ત્રિપાઠી ખાતે જમા પ્રોવિડન્ટ ફંડની રકમમાંથી રૂ. 2,45,442/- તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતે ઉધારીને ઉ.શિ.માં પેન્શન કોન્ટ્રીબ્યુશન અને લીવ સેલેરી કોન્ટ્રીબ્યુશન તરીકે તા. 13-07-2012ના રોજ જમા લેવામાં આવ્યા હતા. શ્રી ત્રિપાઠી બીએચયુમાં તા.24-11-2007 થી Absorb થયા હોઇ ત્યાર પછીના સમયગાળા માટે પેન્શન કોન્ટ્રીબ્યુશન અને લીવ સેલેરી કોન્ટ્રીબ્યુશનની રકમ લેવાની રહેતી ન હોવાથી અગાઉ તેમના પ્રોવિડન્ટ ફંડમાંથી પેન્શન કોન્ટ્રીબ્યુશન અને લીવ સેલેરી કોન્ટ્રીબ્યુશનની રકમ રૂ. 2,45,442/- કપાત કરી હતી તે રકમ ઉચ્ચ શિક્ષણ સેલેરી ગ્રાન્ટ સામે ઉધારી શ્રી ત્રિપાઠીને પરત ચૂકવવામાં આવી છે તેને બહાલી આપવામાં આવી.

કાર્ય-8 પ્રોવિડન્ટ ફંડ સામે ઉપાડ મેળવવા આવેલી અરજીઓ બાબત.

ઠરાવ ક્રમાંક-**474**

નીચે જણાવેલા સેવકોને નિયમ અનુસાર પ્રોવિડન્ટ ફંડ સામે ઉપાડ ચૂકવવા ભલામણ કરવામાં આવી.